Extra No. 184

REGISTERED No. L 2/RNP/G/GNR-84
વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૦૦૦/-

©

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LII] THURSDAY, DECECEMBER 8, 2011/AGRAHAYANA 17, 1933

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૮મી નવેમ્બર, ૨૦૧૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : ૨૨મી નવેમ્બર, ૨૦૧૧ના ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી** જાહેરનામા ક્રમાંક : કેવી-૨૦૧૧નો ૧૮૫-એનપીએલ-૪૫૧૧-૩૦૩૪-એમ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

**ગૌરાંગ એચ. શાહ,**
સરકારના સંયુક્ત સચિવ.

## Notification

***Regarding***

**AMENDMENT TO THE GUJARAT MUNICIPALITIES (CONDUCT OF ELECTION) RULES, 1994.**

**ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ સુધારવા સંબંધી**

**જાહેરનામું**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી નવેમ્બર, ૨૦૧૧.

**ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.**

**ક્રમાંક : કેવી/૨૦૧૧નો ૧૮૫/એનપીએલ/૪૫૧૧/૩૦૩૪/એમ.**– ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪ મા)ની કલમ ૬ની પેટા-કલમ (૫) સાથે વાંચતા, કલમ ૨૭૭ની પેટા-કલમ (૧) હેઠળ કાઢવા ધારેલો નિયમોનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ ૨૭૭ની પેટા-કલમ (૩)થી ફરમાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યક્તિઓની જાણ સારુ પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી, નોટિસ આપવામાં આવે છે કે તેની રાજપત્રમાં પ્રસિધ્ધિની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર સદરહુ નિયમોના મુસદ્દાને વિચારણામાં લેશે.

૨. ઉપર્યુક્ત મુદત પૂરી થયે અથવા તે પહેલાં, સદરહુ નિયમોના મુસદ્દાના સંબંધમાં, કોઈ વ્યક્તિ તરફથી, ગુજરાત સરકારના નાયબ સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને જો કોઈ વાંધો અથવા સૂચન મળશે તે સરકાર વિચારણામાં લેશે.

**જાહેરનામાનો મુસદ્દો**

**ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.**

ક્રમાકઃકેવી-૨૦૧૧નો ૧૮૫-એનપીએલ-૪૫૧૧- ૩૦૩૪-એમઃ ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૬ની પેટા-કલમ (૫) સાથે વાંચતા , કલમ ૨૭૭ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના (સુધારા) નિયમો, ૨૦૧૧ કહેવાશે.

૨. ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪માં, નિયમ ૪માં, પેટા-નિયમ(૨)ને બદલે નીચેનો મજકૂર મૂકવો :-

"(૨) ચૂંટણી અધિકારીના નિયંત્રણને અધીન રહને, દરેક મદદનીશ ચૂંટણી અધિકારી, ચૂંટણી અધિકારીના તમામ અથવા તે પૈકી કોઈપણ કાર્યો બજાવવા સક્ષમ ગણાશેઃ

પરંતુ કોઈપણ મદદનીશ ચૂંટણી અધિકારીએ, ચૂંટણી અધિકારીના ઉમેદવારીની ચકાસણીને લગતાં કોઈપણ કાર્યો બજાવવા જોઈશે નહિ સિવાય કે ચૂંટણી અધિકારીને અનિવાર્યપણે સદરહુ કાર્યો બજાવતાં રોકવામાં આવ્યા હોય".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**એમ. આર. પરમાર,**
સરકારના ઉપસચિવ.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

MRaval